વર્ષ ૨૦૧૫-૧૬ માં પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટની સુવિધાઓ પુરી પાડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઈ ૧૪૨૦૧૪-૩૦૮૪-ક
સચિવાલય ગાંધીનગર,
તા.૧૬/૦૪/૨૦૧૫

વંચાણે લીધા

(૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ના તા.૨૬/૧૧/૨૦૧૪ ના પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/બજેટ/એસએસએ./૧૪-૧૫,૩૯૦૮-૧૧.

(૨) એસ.એસ.એ.નો તા.૧૩/૩/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃએસએસએ/હસબ/વહીવટીમંજુરી/૨૦૧૫-૧૬/૮૧૮૦-૮૨

ઠરાવ

રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટીની સુવિધાઓ મળી રહે તે હેતુથી આ સેવાઓ પુરી પાડવા સૈધાંતિક નિર્ણય લેવાયા મુજબ આ અંગે વર્ષ-૨૦૧૫-૧૬ ના વર્ષમાં રૂા.૧૩૨૦-૦૦/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. આ જોગવાઈને વહીવટી મંજુરી આપવા સંદર્ભ (૧) ના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રથી કરેલ દરખાસ્ત અનુસાર પુખ્ત વિચારણાને અંતે રાજયમાં આવેલ ૨૨૨૦૦ ઉચ્ચ્તર પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટીની સુવિધાઓ પુરી પાડવા માટે વર્ષ-૨૦૧૫-૧૬ માટે બિન આદિજાતિ વિસ્તાર માટે રૂા.૯૯૪.૫૦ લાખ, આદિજાતી વિસ્તાર માટે રૂા.૨૩૧.૯૦ લાખ તથા ખાસ અંગભુત વિસ્તાર માટે રૂા.૯૩.૬૦ લાખ મળીને કુલ રૂા.૧૩૨૦-૦૦ લાખ ની નવી બાબતને નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શરતો

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્ય સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નિતીની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર /પ્રોસેસીગંમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રર્વતમાન યોજનાના નોર્મ્સ અને રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવીલેવાના રહેશે.

(૧૦) આઇ.ટી. સંબંધીત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ ખર્ચ તા.૧/૪/૨૦૧૪ થી કરવાનો રહેશે.

આ યોજના અમલ સ્ટેટ પ્રોજેકટ શિક્ષણ વિભાગના સને.૨૦૧૫-૧૬ ના અંદાજ પત્રના માંગણી નં.૯ મુખ્ય સદર ૨૨૦૨-૦૧-૧૦૬ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટીની સુવિધા પુરી પાડવા અંગે મા;ગણી નં.૯૬ આદિજાતિ વિસ્તાર માટે ૨૨૦૨-૦૧-૭૯૬-૩૭ અને માંગણી નં.૯૫ ખાસ અગભૂત યોજના માટે ૨૨૦૨-૦૧-૮૦૦-૦૨ હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૭/૪/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી.એમ.બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

આર.ન્યુ-૨૦૧૪